# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

દ્વિતીય વર્ષ અભ્યાસક્રમ-૨

જુલાઈ ૨૦૨૧

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં. (૮) ઉત્તર પત્ર માં આભ્યાસક્રમ નું નંબર લખવુ જરૂરી છે.

**પ્રશ્ન- ૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧. ૪ થી ૧૨ માં ગુણસ્થાનકમાં વર્તતા સમ્યક્દૃષ્ટિ જીવોને .................. સંજ્ઞા હોય છે.
૨. એક ખીલીને માટે આખા .................... ને તોડવા જેવી મુર્ખાઈ મેં કરી છે.
૩. તીર્થંકર પરમાત્મા ભવ્ય જીવોના એકાંત કલ્યાણના અર્થે.................... ની સ્થાપના કરે છે.
૪. મંત્રાક્ષરોનું વારંવાર રટણ, ઉચ્ચારણ કે સ્મરણ.................. કહેવાય.
૫. વિજ્ઞાનઘન એટલે .................. અને દર્શન નો જે ઉપયોગ તે વિજ્ઞાન કહેવાય.
૬. ................. એટલે અકારાદી હકારપર્યંત બાવન અક્ષર મુખથી ઉચ્ચારવા.
૭. નાના મોટા શાશ્વત.................. થી પરિવરેલું હોવાથી આ વ્દીપનું નામ જંબુવ્દીપ છે.
૮. હું.................. કરીશ નહીં, કરાવીશ નહીં, એની સલાહ આપીશ નહીં.
૯. ................. નુ સ્મરણ પરલોકમાં સુખ અને સદ્‌ગતિ આપે છે.
૧૦. સિદ્ધાચલની છ ગાઉની યાત્રા.................. ના થાય છે.
૧૧. શબ્દો સાંભળીને અથવા લખેલા વાંચીને જે અર્થબોધ થાય તેને ................. કહેવાય છે.
૧૨. ઇન્દ્રભૂતિ ગૌતમ....................શિષ્યો સહીત વીરપ્રભુના વિનિત શિષ્ય બન્યા.
૧૩. નવકારમંત્રના પ્રભાવથી................... સુવર્ણમય બની ગયો.
૧૪. આ ગોળ છે કે ખાંડ છે આવી વિચારણા તે.................. .
૧૫. ધ્યાનમાં લઈ જવાની પૂર્વતૈયારી...................... વ્દારા થાય છે.
૧૬. અભવ્યને આશ્રયીને શ્રુત.................... છે.
૧૭. આત્માના અનંત ગુણોમાં ................. મુખ્ય છે.
૧૮. ............... માટે ત્રણ સંધ્યાનો સમય શ્રેષ્ઠ મનાય છે.
૧૯. ઇંદ્રીયોના સહાયથી થાય તે ............. જ્ઞાન.
૨૦. .................. છઠ્ઠ ના પારણે છઠ્ઠની તપશ્ચર્યા તેમણે કરી છે.

**પ્રશ્ન- ૨ એક શબ્દમાં જવાબ લખો -** ૧૫

૧. દૃષ્ટિવાદમાં સરખા પાઠ અથવા આલાવા આવે તેને શું કહેવાય ?
૨. સાંબ અને પ્રદ્યુમ્ન ગિરિરાજના કયા શિખર ઉપર સિદ્ધિ પદને પામ્યા ?
૩. કયું સૂત્ર સર્વ ધર્મોને માન્ય છે ?
૪. જંબુવ્દીપનાં અધિષ્ટાયક દેવ કયાં નિવાસ કરે છે ?
૫. જયણાને વધુમાં વધુ જીવનમાં લઈ આવનાર વ્રત કયું ?
૬. અજિત-શાંતિ સ્તવ ની રચના કોણે કરી ?
૭. શીખરી પર્વત કયાં આવ્યું ?
૮. સમ્યગદૃષ્ટિ પાસે રહેલું શ્રુત તે કયું શ્રુત કહેવાય ?
૯. ત્રણ દકાર કયા છે ?
૧૦. જપનો 'જ' શબ્દ શેનો સૂચક છે ?
૧૧. કોના નામનુ કીર્તન સુખનું પ્રવર્તન કરનારૂં છે ?
૧૨. વિકલેન્દ્રીયને કઈ સંજ્ઞા હોય છે ?
૧૩. વ્યંજનાવગ્રહ કોનો ન હોય ?
૧૪. મંત્ર જપ કરનાર વ્યક્તિ નું શું લક્ષ હોવું જોઇએ ?
૧૫. શાખાપર દેવાલય કયાં આવ્યું છે ?

**પ્રશ્ન - 3 નીચે આપેલા શબ્દો ના અર્થ લખો.** ૧૦

૧) કિત્તણં ૨) લકખે ૩) સંજ્ઞિ ૪) મઈ ૫) નિરુવમ ૬) સુયં ૭) પરતપ્રિંષુ ૮) ભેઅં ૯) સંતિ ૧૦) અત્યુગ્ગહ
૧૧) ભરહે ૧૨) નાણાણિ ૧૩) વવગય ૧૪) સમ્મં ૧૫) અહવા ૧૬) અક્ખર ૧૭) નિસટે ૧૮) અંગપવિટ્ઠં
૧૯) ઓહી ૨૦) સમચઉરસાઈ

**પ્રશ્ન- ૪ જોડક જોડો ( ફક્ત બી ) નું નંબર લખો.** ૧૦

| એ | બી | એ | બી |
|---|---|---|---|
| ૧) ભરત ક્ષેત્ર | ૧) વ્યસન | ૬) અપાય | ૬) અધિષ્ટાયક દેવ |
| ૨) મિથ્યાશ્રુત | ૨) ધર્મનો પ્રકાર | ૭) ઇન્દ્રભૂતિ ગૌતમ | ૭) સંજ્ઞા |
| ૩) દીર્ઘકાલિકી | ૩) મંત્રજાપ | ૮) સુખ દુખનું વેદન | ૮) મતિજ્ઞાન |
| ૪) શીવકુમાર | ૪) વેદનીય કર્મ | ૯) સુખાસન | ૯) શ્રુતજ્ઞાન |
| ૫) અનાદ્રુત | ૫) લબ્ધિ ભંડાર | ૧૦) શીલ | ૧૦) નિષધ પર્વત |

**પ્રશ્ન-૫ નીચે ના પ્રશ્નોના જ્વાબ સંખ્યામાં લખો.** ૧૦

૧. ઇન્દ્રભૂતિ ગૌતમ નો ચારિત્ર પર્યાય કેટલો ?
૨. સિદ્ધાચલ ના કેટલા ખમાસણા હોય છે ?
૩. મતિજ્ઞાન માં ઇહા ના કેટલા ભેદ છે ?
૪. નવકારના એક પદના સ્મરણથી કેટલા સાગરોપમનું પાપ નાશ પામે છે ?
૫. ભ. મહાવીર અને ગૌતમસ્વામીના નિર્વાણ વચ્ચે કેટલા વર્ષનો ફરક હતો ?
૬. કેટલા નવકાર ગણવાથી શ્રાવક ત્રીજે ભવે મોક્ષ પદને પ્રાપ્ત કરે છે ?
૭. ભરતક્ષેત્રની પહોળાઇ કેટલી છે ?
૮. હરિવર્ષ માં કેટલા ખંડો છે ?
૯. અન્નપાન કરતાં કેટલા કાયની વિરાધના થાય છે ?
૧૦. જંબુવૃક્ષની ડાળી કેટલા યોજનની હોય છે ?

**પ્રશ્ન - ૬ નીચે ના વાક્યો સાચા ( ✓ ) છે ખોટા (×) તે જણાવો** ૧૦

૧. સમકિત પ્રાપ્તિ પહેલાં જે વ્રત તેને અણુવ્રત કહેવાય.
૨. મનમાં ચીંતવેલા અર્થને જાણવું તે મનઃ પર્યવજ્ઞાન છે.
૩. સર્વ ભયને જીતનારા એવા શાંતિનાથ ભગવાન છે.
૪. અંતરાયકર્મમાં જીવને રતિ-અરતિ અને રાગદ્વેષ થાય છે.
૫. ગૌતમસ્વામી જેને દીક્ષા આપતા હતા તેમને કેવળજ્ઞાન થતું હતું.
૬. જંબુદ્વીપની વચમાં મહાવિદેહ ક્ષેત્ર છે.
૭. શ્રાવક ને વીશ વિશ્વાની જીવદયા હોય છે.
૮. ભાષ્ય જાપ સુક્ષ્મ છે.
૯. શત્રુંજય તીર્થપર શ્રી નમીનાથ તથા શ્રી નેમીનાથ ભગવાનની દેરીઓ એકબીજાની સામે હતી.
૧૦. આ તો દોરડું નથી સાપજ છે એનો નિશ્ચય તે ચક્ષુરિન્દ્રિય ઇહા.

**પ્રશ્ન - ૭ નીચેનું વાક્ય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧. આ કૃષ્ણ નથી કૃષ્ણ તો શ્યામ વર્ણના છે.
૨. પડેલી લિમડાની સળી માત્ર લે તો પણ "અણુજાણહ જસ્સગો" એમ કહીને લે.
૩. સર્વ દાન પ્રકારોમાં અભયદાન શ્રેષ્ઠ છે.
૪. મનના વિચારોના શુદ્ધીકરણમાં એનો મોટો ફાળો છે.
૫. સિદ્ધ, બુદ્ધ, મુક્ત, નિરંજન, નિરાકાર બની ગયા.
૬. તમારા નામનુ કીર્તન ધીરજ અને બુદ્ધીના પ્રવર્તનને કરનારૂં છે.
૭. જપ એ જન્મ અને પાપ બન્નેનો વિનાશ કરનાર છે.
૮. ત્રણ જગતમાં પ્રસિદ્ધ એવા મારા નામને કોણ ન જાણે.
૯. નવકાર મંત્ર તારૂં રક્ષણ કરશે.
૧૦. સર્વ જીવોની સાથે અખંડ મૈત્રી સાધવાની છે.

**પ્રશ્ન - ૮ તમારી ભાષા માં સમજાવો** ૧૫

૧. સાદિ શ્રુતજ્ઞાન ૨) મંત્રજાપ ના પ્રકાર કેટલા ? ઉપાંશુ જાપ સમજાવો.
૩. ઇન્દ્રભૂતિ ગૌતમ ની શંકાનુ શ્રી વીર પ્રભુએ કરેલું સમાધાન. ૪) મહાજંબુ વૃક્ષ
૫. નવકારથી પરલોકમાં સદ્ગતિ અને સમૃદ્ધિ ઉદાહરણ સાથે સમજાવો.

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ - ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઇટ www.shatrunjayacademy.com